

અરે પ્રભુ! ક્યાંનો તું અને ક્યાંનું આ પિંજર! અને ક્યાંના આ રાગદ્વેષ !!

—કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી (તા. ૨૬-૧૨-૧૯૬૨)


કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૭] * આત્મધર્મ * [અંક-૧૧ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ મે-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આર્ય પુરુષોંને તરાજૂમેં એક તરફ તો સમસ્ત પાપોંકો રખ્ખા ઔર એક તરફ અસત્યસે ઉત્પન્ન હુએ પાપકો રખકર તૌલા તો દોનોં સમાન હુએ. ભાવાર્થ—અસત્ય અકેલા હી સમસ્ત પાપોંકે બરાબર હૈં.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૩)*

❀ સાંભળ! આજે એક અપૂર્વ શિક્ષાભરી વાત તને કહીએ છીએ કે તારાથી અપમાનીત થયેલા તે કષાયો માત્સર્યતાને પામી કર્મોદયવશાત્ પોતાનો અનાદિ આકાર ફેર કરી હજુ પણ તારા જેવા તપસ્વી, તારા જેવા જ્ઞાની અને તારા જેવા વિરતી આદિ ગુણી પુરુષો પ્રત્યે સૂક્ષ્મ અદેશક (અન્યનો ઉત્કર્ષ નહિ સહન થવો તે) ભાવરૂપે પોતાનું કામ કરી રહ્યાં છે, જે અતિ દુર્જય છે, તેને વિચારી વિચારીને તું ક્ષીણ કર. તે મહાન દોષ કોઈ વિરલ પુરુષો જ છોડી શક્યા છે.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૧૫)*

❀ કોઈ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ તથા મરણ આજે જ થાઓ વા યુગાંતરે થાઓ! પરંતુ નીતિમાં નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતાં નથી. એવો ન્યાય વિચારી, નિંદા-પ્રસંશાદિના ભયથી વા લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વવૃત્તિ કરવી યોગ્ય નથી. અહો! દેવગુરુધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, એના આધારે ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્ય ધર્મ કેવી રીતે થાય?

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૬, પાનું-૧૯૯)*

❀ કષાયો ઘણા પાતળા થવા છતાં પોતાના જ સાથીઓ સાથે મત્સરતા પ્રાયે સર્વના હૃદયમાં રહ્યાં કરે છે. એ માત્સર્યભાવ સહેજમાં છૂટી શકતો નથી તેથી તે દુર્જય છે. સહાધ્યાયી સહધર્મી પ્રત્યેની મત્સરતાનો-અદેશકતાનો વિજય એ જ એક મહાન કષાય-દાવાનળનો વિજય છે. નથી સમજાતું કે પોતાના જ સહાધ્યાયી સહધર્મી મિત્રો પ્રત્યે આવો માત્સર્ય અર્થાત્ અદેશકભાવ કેમ વર્તતો હશે? પણ અહો અજ્ઞાન! તારું માહાત્મ્ય કોઈ અકથ્ય છે.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૧૫)*

* * *

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૧૧
[૭૨૭]

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
May
A.D. 2004




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૪મી સાંવત્સરિક સમાધિતિથિ નિમિત્તે

## ❀ વૈરાગ્ય-પ્રેરક વચનામૃત ❀

❀ હે જીવ ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. *(શ્રી આત્માનુશાસન)*

❀ જે જીવને જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ વિધાનથી નિયમથી થાય છે તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકકદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.

*(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા)*

❀ નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ, ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ–જરા–મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે. *(શ્રી કુંદકુંદાચાર્ય, બાર ભાવના)*

❀ સર્વ ક્ષેત્ર કે સર્વ કાળમાં કોઈ પણ પ્રકાર વડે જીવ કાળથી બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યા છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકૂટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. *(શ્રી આત્માનુશાસન)*

❀ દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત-એવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સત્પુરુષોંકો ઉચિત હૈ. *(શ્રી અનગાર-ધર્મામૃત)*

❀ કરના ક્યા હૈ ઔર કરતા ક્યા હૈ? યહ બાત અપને ધ્યાનમે નહીં રખતા ઔર ગાંઠકી પૂંજી ખોકર ઉલ્ટી માર ખાતા હૈ અર્થાત્ માનવદેહ વ્યર્થમેં ખો રહા હૈ. *(શ્રી બુધજન સતસઈ)*

❀ આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવામાં સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહીં એવી આકરી નરકની પીડા છે છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરા-હજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. *(પૂજ્ય ગુરુદેવ, દૃષ્ટિનાં નિધાન)*

❀ અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિનેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન

સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઈત્યાદિ જો વસ્તુ અચ્છી યા બૂરી દીખનેમેં આતી હૈં વે સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી.

*(શ્રી પરમાત્મપ્રકાશ)*

❀ હે આત્મન્! ઈસ સંસારમેં સંગ કહિયે ધન-ધાન્ય સ્ત્રી-કુટુંબાદિક મિલાપરૂપ જો પરિગ્રહ હૈ વે ક્યા તુજે વિષાદરૂપ નહીં કરતે હૈં? તથા યહ શરીર હૈ, ઓ ક્યા રોગોંકે દ્વારા છિન્નરૂપ વા પીડિત નહિ કિયા જાતા હૈ? તથા મૃત્યુ ક્યા તુજે પ્રતિદિન ગ્રસને કે લિયે મુખ નહિ ફાડતી હૈ? ઔર આપદાયેં ક્યા તુજસે દ્રોહ નહિ કરતી હૈ? ક્યા તુજે નરક ભયાનક નહિ દીખતે? ઔર યે ભોગ હૈ સો ક્યા સ્વપ્નકે સમાન તુજે ઠગનેવાલે (ધોખા દેનેવાલે) નહીં હૈ? જિસસે કિ તેરે ઈન્દ્રજાલ સે રચે હુએ કિન્નરપુર કે સમાન ઈસ અસાર સંસારમેં ઈચ્છા બની હુઈ હૈ? *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ સિંહ ચારે કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. *(દૃષ્ટિનાં નિધાન)*

❀ કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુ:ખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે અને આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. *(શ્રી આત્માનુશાસન)*

❀ હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુ:ખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે.

*(શ્રી પરમાત્મપ્રકાશ)*

❀ ''મનુષ્યપણું, આપ્ત ઉપદિષ્ટીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા, અને અંતમાં સંયમને વિષે બળ-પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે—એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અલંકૃત કરો, શોભાવો!'' રાજપદ તો શું પણ તેથીએ ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ દુર્લભ મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા

ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મ માર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો.

*(શ્રી આત્માનુશાસન)*

❀ શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મેહમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ? શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે. માટે તારું કાંઈક કરી લે. શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે.

*(દૃષ્ટિનાં નિધાન)*

❀ સંસારકો અનિત્ય, દુ:ખોકા ઘર વ અસાર વિચારેં, શરીરકો અપવિત્ર વ નાશવંત સોચેં વ ઈન્દ્રિયભોગોંકો ક્ષણભંગુર વ અતૃપ્તિકારી જાનેં. સંસારકી સર્વ પર્યાયેં ત્યાગને યોગ્ય હૈં, કેવલ એક શુદ્ધ આત્માકી પરિણતિ હી ગ્રહણ કરને યોગ્ય હૈ. ઐસા વૈરાગ્ય જિસકો હોગા વહી મોક્ષપ્રાપ્તિ કરનેકા પ્રેમી હોગા.

*(શ્રી મમલપાહુડ)*

❀ હે મૂર્ખ પ્રાણી ! સંસારકે ભીતર હોનેવાલે દુખોંસે તુજે વૈરાગ્ય ક્યોં નહીં આતા હૈ જિસસે તૂ ઈસ સંસારમેં વિષયોંકે ભીતર ફસા હુઆ લોભ દ્વારા જીત લિયા ગયા હૈ ?

*(શ્રી સારસમુચ્ચય)*

❀ હે વિદ્વજનો ! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઈષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્યપર્યાય આદિ સ્વહિત-સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે.

*(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વજ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ હે જીવ ! આત્મકલ્યાણને અર્થે કાંઈક યત્ન કર ! કર ! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે ? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ—એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર ! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. *(શ્રી આત્માનુશાસન)*

❀ બહુત બીત ગઈ, થોડી સી રહ ગઈ, ઐસા અપને હૃદયમેં વિચાર કરો. અબ કિનારે કે અત્યન્ત સમીપ હો, અબ ભી યદિ ભૂલ કી તો સંસાર-સમુદ્રમેં ડૂબના હી પડેગા. *(શ્રી બુધજન-સત્સઈ)*

❀ જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે ? *(શ્રી આત્માનુશાસન)*

❀ હે જીવ ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઈ સંબંધ નથી અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે. એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. *(શ્રી નાટક સમયસાર)*

❀ જિસ સંસારમેં અનેક ઉપાયોંસે પાલન પોષણ કરકે બઢાઈ હુઈ ભી યહ દેહ ભી અપની નહીં હોતી હૈ વહાં પૂર્વમેં બાંધે હુએ અપને અપને કર્મોંકે વશ પડે હુએ પુત્ર, સ્ત્રી, મિત્ર, પુત્રી, જમાઈ વ પિતા આદિક બિલકુલ જુદે પદાર્થ કિન જીવોંકે અપને પ્રગટપને હો સકતે હૈં ? ઐસા જાન કર બુદ્ધિમાન માનવકો સદા અપની બુદ્ધિ અપને આત્મામેં સ્થિર કરની ઉચિત હૈ. *(શ્રી તત્ત્વભાવના)*

❀ કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલાં સંસારનાં બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં

આવે છે ? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. *(શ્રી તત્ત્વભાવના)*

❀ જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, કલેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરક-નિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. *(શ્રી ભગવતી આરાધના)*

❀ જિસ જીવને જિસ તરહસે જબ જહાં જો સુખ-દુઃખ પ્રાપ્ત કરના હોતા હૈ, ઉસ જીવકો ઉસ તરહસે, ઉસ સ્થાનમેં, ઉસ કાલમેં, વહ સુખ-દુઃખ દૈવકે નિયોગસે અવશ્ય પ્રાપ્ત હોતા હૈ. પૂર્વકાલમેં જીવને જો અચ્છા યા બુરા કર્મ કિયા ઔર ઇસ સમય વહ પક કર ફલ દેનેકે સન્મુખ હુઆ તો ઉસકો કિંચિત્ ભી અન્યથા કરનેમેં ઇન્દ્ર ભી કિસી તરહ સમર્થ નહીં હૈ અર્થાત્ કિયે હુએ કર્મકા ફલ જીવકો અવશ્ય ભોગના હોતા હૈ. કોઈ દૂસરા ઉસમેં કુછ ભી હેરફેર નહીં કર સકતા.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

❀ પરમાર્થકે સાધે બિના મૂર્ખજન અપને જીવનકો નષ્ટ કર દેતે હૈં. જૈસે પતંગ ઉડાનેવાલા કેવલ સમય નષ્ટ કરતા હૈ, કમાઈ કુછ ભી નહીં કરતા.

*(શ્રી બુધજન-સતસઈ)*

❀ જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઈ પણ, કોઈને પણ કાંઈ પણ આપતું નથી એમ વિચારી, અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી, આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું. *(સામાયિક પાઠ)*

❀ કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે ! તેમ સંસારનાં દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ (તત્ત્વની) વાત છે. *(દૃષ્ટિનાં નિધાન)*

❀ ઇસ સંસારમેં અનાદિકાલસે ફિરતે હુએ જીવોંને સમસ્ત જીવોંકે સાથ પિતા, પુત્ર, ભ્રાતા, માંતા, સ્ત્રી, આદિ સંબંધ અનેકવાર પાયે હૈ. ઐસા કોઈ ભી જીવ વા સંબંધ બાકી નહીં રહા, જો ઇસ જીવને ન પાયા હો. *(શ્રી જ્ઞાનાર્ણવ)*

❀ (દિનપ્રતિદિન બનતાં દેહવિલયનાં ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે ? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે ? તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે ? *(દૃષ્ટિનાં નિધાન)*

❀ મમતારૂપી લકડી અનેક પ્રકારસે આત્મામેં ચિંતારૂપી અગ્નિ લગા દેતી હૈ. યહ ચિંતારૂપી અગ્નિ આત્મામેં અનંતકાલસે જલ રહી હૈ. ઈસે સમતારૂપ જલકે દ્વારા બુઝાયા જા સકતા હૈ. *(શ્રી બુધજન-સત્‌સઈ)*

❀ પ્રશ્ન :–સ્વ અને પરને છેતરનાર કોણ છે ?

ઉત્તર :–માયા—છલકપટ (તે આત્મવંચિકા છે). *(અપરા પ્રશ્નોત્તર રત્ન માલિકા)*

❀ જે પોતાની આગલી—પાછલી વાતને (ભૂત-ભવિષ્યના પરિણામને) જાણતો નથી તે જ ભવસુખ (ઈન્દ્રિયવિષયો)ને માટે તલસે છે; જે પોતાની આગલી—પાછલી વાતને (ભૂત-ભવિષ્યના પોતાના અસ્તિત્વને) જાણે છે તે કદી સંસારની જરા પણ ચાહના કરતો નથી. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક)*

❀ આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઈંધનના ભારા નાખીને તે આશારૂપ અગ્નિને પ્રતિપળે વધારીને તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો એ જ ખરેખર જીવનો અનાદિ વિભ્રમ છે. *(શ્રી આત્માનુશાસન)*

❀ પ્રિયજનનું મૃત્યુ થતાં જે શોક કરવામાં આવે છે તે તીવ્ર અશાતાવેદનીયકર્મ ઉત્પન્ન કરે છે, જે આગળ (ભવિષ્યમાં) પણ વિસ્તાર પામીને પ્રાણીને સેંકડોં પ્રકારે દુઃખ આપે છે; જેમ યોગ્ય ભૂમિમાં વાવવામાં આવેલું નાનકડું વડનું બીજ પણ સેંકડોં શાખાઓ સંયુક્ત વડવૃક્ષરૂપે વિસ્તાર પામે છે. તેથી જ આવો અહિતકારી તે શોક પ્રયત્નપૂર્વક છોડી દેવો જોઈએ. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

❀ પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની

(સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે.

(શ્રી પ્રવચનસાર-ટીકા)

❀ જેમ કોઈ પુરુષ નિર્મળ જળની અભિલાષાથી ઊંડો કૂવો ખોદવા લાગ્યો, ખોદતાં-ખોદતાં આગળ શીલા નીકળી, પણ પોતે આરંભેલો આરંભ સિદ્ધ કરવા તે આગળ ને આગળ ખોદવા લાગ્યો; મહા મહેનતે અને ઘણા લાંબા કાળે કંઈક થોડુંક માત્ર જળ મળ્યું તે પણ ખારું, દુર્ગંધતા યુક્ત અને કૃમિઓથી ખદબદતું નીકળ્યું; વળી તે પણ તરત સુકાઈ ગયું. કહો હવે તે પુરુષે ઉદ્યમ કરવામાં શું બાકી રાખ્યું હતું? પણ ઉદયની ચેષ્ટા જ દુઃખદાઈ છે. નિશ્ચયથી આ તૃષાતુર મનુષ્યની તૃષા કોઈ પણ કાળે પૂર્ણ થવાની નથી. કારણ ઉદયની ગતિ બળવાન છે.

(શ્રી આત્માનુશાસન)

❀ નરભવ કાંઈ સદા તો રહે નહિ, સાક્ષાત્ મોક્ષસાધન જ્ઞાનકળા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. માટે વારંવાર કહીએ છીએ કે—નિજબોધકળાના બળ વડે નિજસ્વરૂપમાં રહો. નિરંતર એ જ યત્ન કરો. આવું વારંવાર કહેવું તો બાળક પણ ન કરાવે. તમે તો અનંત જ્ઞાનના ધણી બની, આવી ભૂલ ધારો છો એ જોઈ મોટું અચરજ આવે છે.

(શ્રી અનુભવપ્રકાશ)

❀ ત્રણલોકના જીવોને નિરંતર મરતાં દેખીને પણ જે જીવ પોતાના આત્માનો અનુભવ નથી કરતા અને પાપોથી વિરક્ત નથી થતાં—એવા જીવોના ધીઠપણાને ધિક્કાર હો.

(શ્રી ઉપદેશ-સિદ્ધાંત રત્નમાળા)

❀ હે જીવ! આમ છે અને તેમ છે એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે? આ સંસારમાં પરિભ્રમણ કરતાં તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યાં અને છોડ્યાં. ટૂંકામાં એટલું જ કહેવાનું કે જીવને શરીર (શરીર પ્રત્યેની મમત્વબુદ્ધિ) એ જ સર્વ આપત્તિનું સ્થાન છે.

(શ્રી આત્માનુશાસન)

❀ અહીં ઉપદેશ કરીએ છીએ કે હે ભવ્ય! હે ભાઈ! અહીં સંસારના જે દુઃખો બતાવ્યાં તેનો અનુભવ તને થાય છે કે નહિ? તું જે ઉપાયો કરી રહ્યો છે તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમ જ છે કે નહિ? તથા સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં જ સુખ થાય એ વાત બરાબર છે કે નહિ? એ બધું વિચાર! જો ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટી સિદ્ધ અવસ્થા પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર! વિલંબ ન કર! એ ઉપાય કરતાં તારું કલ્યાણ જ થશે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક)

* * *

# ✻ ખોટો આક્ષેપ કરવાનું ફળ ✻

શ્રીરામ-સીતાનું વિસ્તૃત વર્ણન તો પદ્મપુરાણમાં આપેલ છે જ. અહીં તો સીતાજીની ઉપર જૂઠું આળ-આક્ષેપ-કલંક કેમ લાગ્યું ? તેની વિગતનું વર્ણન કેવળી ભગવાન કહે છે કે જ્યારે સીતાજીનો જીવ વેદવતીના ભવમાં હતો ત્યારે લક્ષ્મણનો જીવ તેનો પિતા શ્રીભૂતિ પુરોહિત મહા જિનધર્મી હતો અને તેની પુત્રી વેદવતી મહા સુંદર રૂપવતી હતી. રાજાનો પુત્ર શંભુકુમાર વેદવતી ઈચ્છતો હતો પરંતુ તે વિધર્મિ હોવાથી વેદવતીનો પિતા જિનધર્મી સિવાય અન્ય કોઈને પુત્રી આપવા ઈચ્છતો ન હતો. તેથી કુમાર શંભુએ વેદવતીના પિતા શ્રીભૂતિને મારી નાખીને વેદવતી સાથે બળજોરીથી મૈથુન સેવન કર્યું. તેથી તે કુમારીએ ક્રોધિત થઈને શંભુ કુમારને કહ્યું કે તું નીચ પાપી ! મારી સાથે બળાત્કાર કરી મારું શીલ ભંગ કર્યું તેથી આવતા ભવે હું તારા નાશનું કારણ થઈશ. એમ કહીને તેણે અર્જિકા પાસે દીક્ષા લઈ વ્રત તપ કરી સ્વર્ગમાં ગઈ અને ત્યાંથી આવીને સીતા થઈને રાવણના (-શંભુ કુમારનો જીવ) નાશનું કારણ થઈ.

ગુણવતિના ભવમાં પણ મુનિની નિંદા કરેલ હતી અને વેદવતીના ભવમાં સુદર્શન નામના મુનિરાજ વનમાં આવેલા ત્યારે તે મુનિરાજની બહેન અર્જિકા હતી તે મુનિરાજ પાસે ધર્મ શ્રવણ કરતી હતી તે જોઈને વેદવતીએ ગામના લોકો પાસે નિંદા કરી કે મેં મુનિને એકલી સ્ત્રી પાસે બેઠેલા જોયા છે. ત્યારે કેટલાકે તેની વાત માની અને કેટલાક ડાહ્યા માણસોએ ન માની. પરંતુ ગામમાં મુનિનો અપવાદ થયો તેથી મુનિએ પ્રતિજ્ઞા કરી કે આ જૂઠો અપવાદ દૂર થાય તો આહાર માટે નીકળવું, નહિંતર ન નીકળવું. તે વખતે નગરની દેવીએ વેદવતીના મુખે ગામના સમસ્ત લોકોને કહેવરાવ્યું કે મેં જૂઠો અપવાદ મુનિનો કર્યો હતો. તેઓ બન્ને તો ભાઈ બહેન છે અને મુનિ પાસે જઈને વેદવતીએ ક્ષમા માગી કે હે પ્રભો ! મેં પાપીનીએ મિથ્યા વચન કહ્યા તો ક્ષમા કરો.

આ પ્રમાણે મુનિની નિંદા કરી હતી તેથી સીતા ઉપર જૂઠું આળ આવ્યું અને મુનિની ક્ષમા માગી તેથી સીતાનો અપવાદ દૂર થયો. માટે જે જિનમાર્ગી છે તે કદી પણ પરનિંદા ન કરે. કોઈમાં સાચો દોષ હોય તોપણ જ્ઞાની કહે નહિ, કોઈ કહેતો હોય તેને રોકે, બીજાનો દોષ સર્વથા ઢાંકે, જે કોઈ પરનિંદા કરે છે તે અનંતકાળ સંસારવનમાં દુઃખ ભોગવે છે. સમ્યગ્દષ્ટિનો મોટો ગુણ એ જ છે કે બીજાનો અવગુણ

(અનુસંધાન માટે જુઓ પાનુ-૨૧)

## જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવારના સૌજન્યથી
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન
# ૧૧૫મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

ધન્ય ! વૈશાખી બીજ

અહો ! ભવોદધિ–તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ જન્મોત્સવની આનંદદાયી મહિમા શું કહી શકાય ! જૈનજગતમાં જે મહત્વ તીર્થંકરોના જન્મકલ્યાણક–દિવસનું છે, ખરેખર એવું જ મહત્વ મુમુક્ષુજગતમાં આપણા તીર્થંકરોપમ–તારણહાર, અધ્યાત્મ-માર્ગોદ્યોતક, પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવના મંગલ જન્મદિવસનું છે. વૈશાખ સુદ બીજને, આવા અસાધારણ મહાપુરુષને જન્મ આપીને, વસ્તુતઃ ઐતિહાસિક ધન્યતા ઉપલબ્ધ થઈ ગઈ !

### પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મ-પુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૫મો ભક્તવૃંદાનંદકારી મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, તા. ૧૭-૪-૨૦૦૪ થી તા. ૨૧-૪-૨૦૦૪ સુધી પંચાહ્નિક ભવ્ય સમારોહપૂર્વક અત્યંત આનંદોલ્લાસ તથા વિશેષ ઔદાર્ય સાથે સંપન્ન થયો. આ મંગલ મહોત્સવના આયોજક જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવારના આબાલ- વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો ઘણો ઉત્સાહ હતો.

### ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સનાતન સત્ય વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીના ભક્તુલ્લાસના આ મંગલ અવસર પર, કહાન ગુરુ-ઉપકાર મહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. શ્રી વાઘર- પરિવાર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી-સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે, તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૫મો ગુરુજન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

### ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ-જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી લગભગ ૪૦૦૦થી અધિક ગુરુભક્ત ઉપસ્થિત હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ

દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પરોક્ષ આશિષ-છાયામાં, સંપન્ન કરેલો આ ગુરુ-જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવનાવૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો.

## આયોજકની ઉલ્લાસભીની કાર્યતત્પરતા

જેમના સૌજન્યથી આ મંગલ જન્મોત્સવ સુસંપન્ન થયો તે ઉપર્યુક્ત વાઘર-પરિવારના મહાન સૌભાગ્યથી સમ્પ્રાપ્ત આ ગુરુ-જન્મોત્સવ ઊજવવાનો એટલો અધિક આનંદોલ્લાસ હતો કે તેઓએ સ્વયં પ્રસંગોચિત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, પૂજ્યગુરુદેવશ્રીના જીવન, પ્રભાવના આદિ વિષય પર રોચક સાહિત્ય પ્રકાશનનું પ્રશંસનીય કાર્ય અતિ પરિશ્રમપૂર્વક મહિનાઓ સુધી, ગુરુભક્તિના મધુર ગીત ગાતા ગાતા કર્યુ હતું. તે સાહિત્યમાં સોનગઢ-પરિચયપુસ્તિકા, આપણા ભગવંત ચોવીસ તીર્થંકર, ભક્તિરસ-ઝરણા તથા 'તીર્થમંડલ-વિધાનપૂજા' મુખ્ય હતા.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા વિશાળ સ્ક્રીન પર સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, મંગલ પ્રભાતફેરી, પરમાગમમંદિરમાં 'તીર્થમંડલવિધાનપૂજા', (તીર્થમંડલવિધાન પૂજા માટે આ મહોત્સવ પ્રસંગે નવું પુસ્તક આયોજક તરફથી તૈયાર કરાવી છપાવ્યું હતું તીર્થમંડલવિધાનનું માંડલું અત્યંત ભવ્ય તથા દર્શનીય બનાવવામાં આવ્યું હતું.) ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બૈનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, સમૂહ–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, બાળકો માટે ચિત્રસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ (ઉપસ્થિત મુમુક્ષુ સમાજે સાંસ્કૃતિક કાર્યક્રમની ખૂબ પ્રશંસા કરી હતી)–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારું ચાલતો હતો. વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણાઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૦-૪-૨૦૦૪ના દિવસે સાંજે 'ઘાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝૂલન'નો અતિ મનોહર ફલોટ બધાનું ગુરુભક્તિભીનું

ચિત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી છગનલાલ કાળિદાસ વાધર-પરિવારને સંપન્ન થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ભજનમંડળીએ મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ, નિરંજનભાઈ (સુરત), હિંમતભાઈ ડગલી, ડૉ પ્રવીણભાઈ (રાજકોટ), રાજુભાઈ કામદાર, બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા તથા અધ્યાપનકાર્ય સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર, રમેશભાઈ (સલાલ) તથા સુભાષભાઈ શેઠે ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યું) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમમંદિરમાં 'તીર્થમંડલવિધાનપૂજા' તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ ગીત તથા જયકારપૂર્વક, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિના રૂપમાં) મંગલ પદાર્પણ, પૂજ્ય ગુરુદેવશ્રીના ભૂત-ભાવી-નવભવ તથા કમલાસીન-ભાવિ જિનવરની સ્વર્ણિમ પ્રતિકૃતિ સહ અક્ષત-પુષ્પોથી ગુરુ-પ્રતિકૃતિના સમક્ષ ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા- વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને અંતમાં બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

**સ્થાયી મંડલ વિધાન પૂજા :** આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૯૬ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો તથા સ્થાનીય મુમુક્ષુમંડલ માટે જમણ (—સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી છગનલાલ કાળિદાસ વાધર-પરિવાર તરફથી તથા સ્થાયી જમણ ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૫૦ ટકા ડિસકાઉન્ટ વિભિન્ન ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવેલું.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૭,૮૯,૮૫૧-૨૫ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૫ના અંકમાં ૧૧૫×૨૧૭૮ | ૨,૫૦,૪૭૦=૦૦ |
| ૨. | પ્રાસંગિક વિધાનપૂજા ૨×૧૦૦૧ | ૨,૦૦૨=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૧૫,૨૦,૧૦=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૧ની વધાઈ ૧૦૦૧×૧૪ | ૧૪,૦૧૪=૦૦ |
| ૫. | રૂા. ૫૦૧ની વધાઈ ૫૦૧×૫૭૨ | ૨,૮૬,૫૭૨=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૧,૭૬૫=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૮૩,૦૧૮=૨૫ |
| | કુલ રૂા. | ૭,૮૯,૮૫૧=૨૫ |

તદુપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર તરફથી આપવામાં આવ્યો હતો.

અનુભૂતિ તીર્થમહાન સુવર્ણપુરી સોહે ।
યહ કહાનગુરુ વરદાન મંગલ-મુક્તિ મિલે ।।

* * *

### પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પંદરમી સાવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૩-૫-૨૦૦૪ થી તા. ૭-૫-૨૦૦૪ (વૈશાખવદ ૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ—પ્રકાશનરુપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી રાખવામાં આવી હતી.

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર —

**શ્રુતપંચમી પર્વ :—** જેઠ સુદ ૫, તા. ૨૪-૫-૨૦૦૪ સોમવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**આર્દ્રા નક્ષત્ર :—** તા. ૨૧-૬-૦૪, સોમવારના દિવસે રાત્રે ૯-૦૮ વાગે શરૂ થાય છે.

શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર તરફથી રૂા. ૧૦,૦૦૧ આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સત્પ્રભાવનોદયથી બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ–સાધનાભૂમિ વાંકાનેર શહેર (સૌરાષ્ટ્ર)માં સાનંદ સુસંપન્ન

# પંચકલ્યાણકપૂર્વક શ્રી જિનબિંબપ્રતિષ્ઠામહોત્સવ

(તા. ૨૨-૪-૨૦૦૪ થી તા. ૨૭-૪-૨૦૦૪)

## સમવસરણ તથા તેની પ્રતિષ્ઠા

પરમ-તારણહાર, સ્વાનુભવપ્રધાન અધ્યાત્મ બોધદાતા પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાન્જીસ્વામીની ભક્તશિરોમણી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ સાધનાભૂમિ તરીકે સુપ્રસિદ્ધ પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્ર પ્રદેશની પ્રાચીન નગરી વાંકાનેર શહેરમાં, ત્યાંના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મશુદ્ધામ્નાયાનુયાયી 'શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ' દ્વારા, નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરની (આ નવનિર્મિત સમવસરણ ખરેખર અદ્‌ભૂત તથા અસાધારણ છે. પૂરી રચના કાચની બનાવાઈ છે. તેની નવીનતાનો ખ્યાલ પ્રત્યક્ષ જોવાથી જ પ્રાપ્ત થાય છે. પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ-સાધના ભૂમિમાં નિર્મિત આ અતિ ભવ્ય સમવસરણ હકીકતમાં દર્શનીય છે.) પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત વિ. સં. ૨૦૬૦, વૈશાખ સુદ-૩, ગુરુવારથી વૈશાખ સુદ-૭, મંગળવાર—છ દિવસ શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણકપ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન પ્રતિ શ્રદ્ધાભક્તિવંત હજારો મુમુક્ષુઓના ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાનંદ ઉજવવામાં આવ્યો. સોનગઢ બૃહદ્-મુંબઈ, રાજકોટ, જામનગર, જેતપુર, મોરબી, વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, બોટાદ, લીંમડી, ભાવનગર, અમદાવાદ, બેંગલોર, હૈદરાબાદ, ચેન્નાઈ, ખંડવા, સનાવદ, શિવપુરી, કોલારસ વગેરે અનેક ગામોથી લગભગ ચાર હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ લેવા આવ્યા હતા.

## પંચકલ્યાણક-જિનબિંબપ્રતિષ્ઠાનો શાસ્ત્રોક્ત વિધિક્રમ

પ્રતિષ્ઠામહોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૨૨-૪-૨૦૦૪ના દિવસે ક્રમશઃ શાન્તિજાપપ્રારંભ, પ્રતિષ્ઠામંડપશુદ્ધિ, જેઓના મંગલવર્ધક આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઉજવવામાં આવ્યો તે પરમપૂજ્ય શ્રી શાન્તિનાથપ્રભુના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં વિધિ-અધ્યક્ષ તરીકે બિરાજમાન કરવાની મંગલવિધિ, નાન્દીવિધાન, અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, આચાર્ય-અનુજ્ઞા, ઈન્દ્રપ્રતિષ્ઠા, વિધિનાયક શ્રી વર્ધમાનસ્વામીના પૂર્વભવોનું દર્શન; તા. ૨૩-૪-૨૦૦૪ના દિવસે ઈન્દ્રશોભાયાત્રા, શ્રી યાગમંડલપૂજા, ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા; તા. ૨૪-૪-૨૦૦૪ના દિવસે સ્વપ્નફલદર્શન, ગર્ભકલ્યાણક, જલયાત્રા, વેદી-મંદિર-કલશ-ધ્વજ-શુદ્ધિ, કહાનગુરુ-જીવનદર્શનની ફિલ્મ તથા ગર્ભ કલ્યાણકની શેષવિધિ; તા. ૨૫-૪-૨૦૦૪ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક-ભવ્યશોભાયાત્રા,

[વિશાળ સ્વાધ્યાયકક્ષમાં પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની મનોહર પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ની સંસ્થાપનવિધિ (શ્રી કહાનગુરુ-પ્રતિકૃતિની સંસ્થાપના વિધિનું મંગલ સૌભાગ્ય સાયનનિવાસી શ્રી શારદાબેન શાન્તિલાલ શાહ-પરિવાર હા. શ્રી નેમિષભાઈ તથા શ્રી કેતનભાઈ શાહને સંપ્રાપ્ત થયું હતું. )] પાંડુકશિલા પર જન્માભિષેક, (સિદ્ધાર્થ મહારાજા તથા ત્રિશલા માતા બનવાનું સૌભાગ્ય વાંકાનેરનિવાસી શ્રી સુભાષભાઈ જયંતીલાલા શેઠ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી સાધનાબેનને પ્રાપ્ત થયું હતું) સિદ્ધાર્થ મહારાજાના મહેલમાં ઈન્દ્રો દ્વારા તાંડવનૃત્ય, જન્મકલ્યાણકપૂજા, પારણાઝૂલણ, વર્ધમાનકુમારની વાર્ષિક જન્મજયંતી અને તે સમયે સમાગત રાજાઓ દ્વારા અભિવાદન; તા. ૨૬-૪-૨૦૦૪ના દિવસે શ્રી વર્ધમાનકુમારને વૈરાગ્ય, ભગવતી જિનદીક્ષા માટે વનપ્રયાણ (દીક્ષા શોભાયાત્રા), દીક્ષાગ્રહણવિધિ, દીક્ષાવનમાં વૈરાગ્યપ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઈન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર-કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, તીર્થંકર-મુનિરાજ શ્રી વર્ધમાનસ્વામીની ભક્તિ, શ્રી વર્ધમાન મુનિવરને આહારદાન (શ્રી વર્ધમાન-મુનિરાજને આહારદાનનો મહાન લાભ દામનગરનિવાસી, અમેરિકાવાસી શ્રી સુધીરભાઈ કેશવલાલ મોદીને મળ્યો હતો) અંકન્યાસવિધિ, ક્ષપણશ્રેણી-આરોહણ, કેવલજ્ઞાન કલ્યાણક, સમવસરણરચના, કેવલજ્ઞાનકલ્યાણકપૂજા તથા ભક્તિ, જિનવર-વિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના; તા. ૨૭-૪-૨૦૦૪ના દિવસે નિર્વાણકલ્યાણક-સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, નિર્વાણપૂજા, જિનબિંબોને શોભાયાત્રાપૂર્વક સમવસરણમંદિરમાં લાવવાની મંગલવિધિ, પ્રતિષ્ઠા નિમિત્તે ભક્તિપાઠ (સમવસરણમંદિરમાં), સમવસરણ-ગંધકૂટી પર શ્રી સીમંધરસ્વામી-ચતુર્મુખ-જિનબિંબપ્રતિષ્ઠા, મુનિરાજની સભામાં શ્રી કુંદકુંદાચાર્યદેવના વંદનમુદ્રાયુક્ત ખડગાસન નિર્ગ્રંથબિમ્બની પ્રતિષ્ઠા, વિભિન્ન ૨૦ વેદી પર શ્રી સીમંધરાદિ-વીસ-જિનબિંબપ્રતિષ્ઠા, કલશ-ધ્વજા-આરોહણ, સ્વાધ્યાયકક્ષમાં ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વિશાળ તથા ભવ્ય ચિત્રપટ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જીવનસંબંધી વિભિન્ન ચિત્રપટોની અનાવરણવિધિ, શાન્તિયજ્ઞ અને પ્રતિષ્ઠોત્સવ- સમાપન-રથયાત્રા. પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ સીડી પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-ધર્મચર્ચાનો તથા વિભિન્ન વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનોનો તથા શિક્ષણવર્ગનો પણ લાભ મલતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાલિકાઓ દ્વારા રાસ-ભક્તિ કરવામાં આવેલી. ઉક્ત બધો કાર્યક્રમ પ્રાયઃ નિશ્ચિત સમય પર સંપન્ન થતો હતો.

## વિભિન્ન સભાઓનું મનોહર આયોજન

ભગવાન શ્રી વર્ધમાનસ્વામીના પૂર્વભવ-અચ્યુતેન્દ્રની સભા, ઈન્દ્રસભા તથા શ્રી સિદ્ધાર્થ રાજેન્દ્રની રાજ્યસભાના મનોજ્ઞ દૃશ્યોની તો વાત જ શું કરવી ! અચ્યુતસ્વર્ગના પુષ્પકવિમાનવાસી અચ્યુતેન્દ્ર આદિ, શીઘ્ર નરપર્યાય પામીને ઉગ્ર સંયમસાધના માટે તડપતા હતા. ઈન્દ્રસભા સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ તત્વજ્ઞાન તથા તીર્થંકરમહિમાના મધુર વાર્તાલાપથી પ્રેક્ષકોના મન હરી લેતી હતી. સિદ્ધાર્થ રાજદરબારના સભાસદ વિભિન્ન દેશોના નરેશોની જિનેન્દ્રમહિમાભીની

અધ્યાત્મતત્વગોષ્ઠિ, મહારાણી ત્રિશલાદેવીની શ્રી હ્રીં ધૃતિ આદિ દેવી-સખીયો સાથે અનુભવરસપ્રધાન અધ્યાત્મવાર્તા અને તેઓ નિર્મિત જિનેન્દ્રભક્તિમય આહ્‌લાદકારી અનુપમ વાતાવરણ, તે બધું ખરેખર ઘણું જ અદ્‌ભુત હતું. પંચકલ્યાણકના તથા વિધિવિધાનના ભક્તિભાવભીના આશ્ચર્યકારી અનુપમ દૃશ્યોને દેખીને પ્રેક્ષક-મુમુક્ષુસમુદાય-અતિ પ્રસન્ન થતો હતો. સિદ્ધાર્થ રાજદરબારમાં ત્રિશલામાતા દ્વારા વર્ધમાનકુમારને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવવા માટે માતૃસહજ-મમતાથી કહેવામાં આવેલ અનુરોધરુપ પ્રસ્તાવનો વર્ધમાનકુમારે અંદરની ઊંડી વિરક્તિપૂર્વક જે ઇન્કાર કર્યો અને અંતમાં માતાએ, 'અમારે પણ આ સંયમના માર્ગ પર આવવું છે', એવી ભાવના વ્યક્ત કરી પોતાના પુત્રને સહ્રદય વિદાય આપી તે, સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક મુમુક્ષુ પ્રભાવિત થયા હતા. જિનવરવિહારના સમયે વિભિન્ન નગરોમાં ભગવાન દ્વારા આપેલી, આત્માના પરમાત્મ-તત્વની ઘોષણારુપ દિવ્ય દેશનાનું આયોજન પણ અનેક પ્રેક્ષકોને રુચિકર લાગ્યું. પંચકલ્યાણકના ભાવવાહી વિભિન્ન દૃશ્યોને દેખીને અનેકોને અંતરમાં એવો અનુભવ થતો હતો કે—નિર્મલ સમ્યક્‌દર્શનની ઉત્પત્તિ માટે જિનાગમોમાં બાહ્ય નિમિત્તકારણોમાં એક 'જિનેન્દ્રમહિમા- દર્શન' (-પંચકલ્યાણકપ્રતિષ્ઠાદર્શન) પણ કહ્યું છે તે વસ્તુતઃ સત્ય છે. એક કવિએ સત્ય જ કહ્યું છે કે—

''કલ્યાણ-કાલ પ્રત્યક્ષ પ્રભુકો લખૈ જે સુરનર ઘને ।
તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યો મુખસો બને ॥''

## વિભિન્ન શોભાયાત્રા

આ મંગલ પ્રતિષ્ઠાના સ્વર્ણિમ અવસર પર આયોજિત વિભિન્ન શોભાયાત્રા પણ વિશેષ મનાહ્લાદક હતી. ઐરાવત ગજેન્દ્રની સવારી યુક્ત જન્મકલ્યાણકની મનમોહિની ભવ્ય શોભાયાત્રાના તથા મેરુપર્વતની પાંડુકશિલા પર જન્માભિષેકના રમ્ય દૃશ્યોને તો ભક્તોના ચિત્તપંકજને ઘણાજ પુલકિત કર્યા હતા. વાંકાનેરનગરી હકીકતમાં વૈશાલી-કુંડલપુરી બની ગઈ હતી. જેમના પરમ પુનિત પ્રતાપથી મુમુક્ષુજગતને પંચકલ્યાણકપ્રતિષ્ઠાનું આ અનુપમ સૌભાગ્ય સમુપલબ્ધ થયું એવા આપણા પરમ-તારણહાર પરમપૂજ્ય શ્રી કહાનગુરુદેવ તથા ઉપકારમૂર્તિ પ્રશમવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુહૃદય ઉપકૃતતાની ભાવનાથી ભીંજાયેલા અસાધારણ ભક્તિભાવથી ઉછળી જતા હતા—પરમોપકારી તેઓ બંને ધર્માત્માઓના જયનાદથી વાતાવરણ આનંદરિક્ત થઈ ગયું હતું. આ મંગલ મહોત્સવ કલ્યાણમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમમાં ઊજવવામાં આવતો હોવાથી, જાણે આપણી વચ્ચે તેઓની મંગલમય કલ્યાણી ઉપસ્થિતિ હોય એવો આનંદોલ્લાસ મુમુક્ષુઓના હૃદયમાં ઊભરાઈ રહ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાક્ષાત્ ઉપસ્થિતિવત્ જ ઉત્સવની શાન-શોભા હતી. આ ભવ્ય મહોત્સવના આનંદપ્રદ મીઠા પ્રતિઘોષ ચિરકાળ સુધી મુમુક્ષુ હૃદયમાં ગૂંજતા રહેશે.

## પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર

પંચકલ્યાણક-પ્રતિષ્ઠાના વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી

જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી (ઇન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદિપ'ના આધારે બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ.

## પ્રતિષ્ઠાચાર્ય તથા પ્રતિષ્ઠાવિધિ

આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલભાઈ ઝોબાળીયા (સોનગઢ) તથા પ્રતિષ્ઠાચાર્ય આત્માર્થી વિદ્વાન બ્રહ્મચારી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા કરાયેલ. વિભિન્ન વિધિવિધાનમાં શ્રી પ્રકાશભાઈ જૈન (મલાડ), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) તથા શ્રી સુભાષભાઈ શેઠે (વાંકાનેર) પણ કીમતી સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની સંપૂર્ણ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ કુશળતાપૂર્વક તથા રોચક ઢંગથી કરાવવામાં ઉક્ત બંને બ્રહ્મચારી ભાઈઓએ જે અત્યંત સહૃદય પરિશ્રમ લીધો છે તે વિષયમાં જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે.

ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેન પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહેતાં હતાં કે—પંચકલ્યાણકના સરલ, સુગમ તથા સ્પષ્ટીકરણવાળી રોચક શૈલીથી સંપન્ન આ શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય, ચિત્તાકર્ષક ભાવવાહી વિધાન અત્યંત આનંદકારી અનુભવાયાં. પ્રત્યેક વિધાનના પ્રારંભમાં વિધિ સંક્ષેપમાં સમજાવવામાં આવતી હતી, જેનાથી પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધાં વિધિવિધાન, નહીં બહું ઝડપથી કે નહીં બહું ધીરેથી, પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં સંપન્ન થતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારની સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સંગમ પ્રેક્ષકોને અનુભવાતો હતો.

## બહેનશ્રીના સમ્યક્ત્વસાધના ધામના મંગલ દર્શન

શ્રી જિનબિંબપ્રતિષ્ઠાના મંગલ દિવસોમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સમ્યક્ત્વસાધનાધામના મંગલ દર્શન તથા ભક્તિનુ સૌભાગ્ય મુમુક્ષુઓને મલતું હતું. પૂજ્ય બહેનશ્રી પ્રતિ સહૃદયશ્રદ્ધાભક્તિવંત સેકડો મુમુક્ષુઓને બહેનશ્રીની ઉપકારમહિમા ગાતાં ગાતાં સમ્યક્ત્વ-સાધનાધામની તરફ જતાં દેખીને, રસ્તામાં ઈતર નગરજન આશ્ચર્ય અનુભવતાં હતાં. સમ્યક્ત્વધામનું સ્થાન નાનું હોવા છતાં પણ, સર્વે સમાગત ભક્તોને મકાનના માલિક શ્રી અમરચંદભાઈના સ્વમુખથી બહેનશ્રીના લઘુવયના અનેક પ્રસંગો સાંભળવાનુ આનંદકારી સૌભાગ્ય મલ્યું. તેઓના ભક્તિભાવભર્યા કથનનો આશય એવો હતો કે—'આ એક એવું પવિત્ર સ્થાન છે કે જ્યાં આ જ મનુષ્યપર્યાયમાં આત્મોન્નતિનો પરમ પુરુષાર્થ કરીને, એક પરમ પવિત્ર આત્માએ—બહેનશ્રીના આત્માએ અનંત ભવપરિભ્રમણનો અંત કરી લીધો. એકાન્ત દુઃખપ્રચુર ચતુર્ગતિમય ભ્રમણનો અંત લાવવો એજ આ મનુષ્યભવમાં આત્માનું મુખ્ય કર્તવ્ય છે. એવા પવિત્ર આત્માની સમ્યક્ત્વ-સાધનાભૂમિ બનીને વાંકાનેરની આ ભૂમિ ધન્ય બની ગઈ–તીર્થ બની ગઈ–ઈત્યાદિ'. આ સાંભળીને ભક્ત સમૂહ ભક્તિભાવથી ગદગદ થઈને, બહેનશ્રીની આટલી લઘુવયમાં કરવામાં આવેલ પુરુષાર્થથી, આશ્ચર્યમગ્ન થઈ ગયો હતો. માતાજીના સાધનાધામના દર્શન તથા ભક્તિલાભથી

પોતાની વાંકાનેર-પંચકલ્યાણકપ્રતિષ્ઠાયાત્રાને સાર્થક અનુભૂત કરતો હતો.

## શાસ્ત્રપ્રવચનકાર

આ શુભાવસર પર, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ શ્રદ્ધાભક્તિવંત અધ્યાત્મતત્વ-પ્રેમી વિદ્વાન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ, ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ), હિમ્મતભાઈ ડગલી, રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) અને શ્રી નિરંજનભાઈ ડેલીવાળા (સુરત)એ શાસ્ત્રપ્રવચનનો લાભ આપ્યો હતો. તેઓના શાસ્ત્રપ્રવચનોમાં અધ્યાત્મતત્વજ્ઞાનની સાથે સાથે જિનેન્દ્રમહિમા તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ઉપકૃતતાભીની ભાવના ઉછળી આવતી હતી, જેનાથી શ્રોતાઓના તન-મન પરમોપકારી બંને મહાત્માઓ પ્રતિ ભક્તિભાવથી રોમાંચિત થઈ જતાં હતાં. તદુપરાંત શ્રી રાજુભાઈ કામદારે શિક્ષણવર્ગ પણ લીધો હતો.

## પ્રતિષ્ઠાવિધાનમાં ધનવ્યયનું સૌભાગ્ય

શ્રી પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં લાભ લેવાનું સૌભાગ્ય મુખ્યતઃ નિમ્નોક્ત મહાનુભાવોને સંપ્રાપ્ત થયું હતું.

જેમની મંગલ સાક્ષીમાં આ મહોત્સવ ઊજવવામાં આવ્યો તે શ્રી શાન્તિનાથ ભગવાનના જિનબિંબને પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાનું સૌભાગ્ય શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ-પરિવારને પ્રાપ્ત થયું હતું. અખંડદીપ-પ્રદીપનનો લાભ શ્રી સપાણી પરિવારે લીધો હતો. ધર્મધ્વજારોહણનો અનુપમ લાભ શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ દેવનભાઈ શાહ, નાયરોબી (કેન્યા)એ લીધો હતો.

**પંચકલ્યાણક-વિધાનના ઈન્દ્ર** (૧) સૌધર્મ ઈન્દ્ર તથા શચી ઈન્દ્રાણી : શ્રી નીરવ મહેન્દ્રભાઈ સપાણી-તદ્ધર્મપત્ની જુગ્મી; (૨) ઐશાન ઈન્દ્ર : શ્રી સિદ્ધાર્થભાઈ ધીરજલાલ શાહ; (૩) સાનત્કુમાર ઈન્દ્ર : શ્રી પ્રશાંતભાઈ અમેરિકા; (૪) માહેન્દ્ર-ઈન્દ્ર : શ્રી રસીકભાઈ શેઠ; (૫) બ્રહ્મ-ઈન્દ્ર : શ્રી આદર્શ હર્ષદભાઈ ડેલીવાલા; (૬) લાન્તવ-ઈન્દ્ર : શ્રી આશિષ કીર્તિભાઈ કોઠારી; (૭) શુક્ર-ઈન્દ્ર : શ્રી વિપુલભાઈ ભરવાડા; (૮) સહસ્રાર-ઈન્દ્ર : શ્રી નરેન્દ્રભાઈ બાવીશી; (૯) આનત-ઈન્દ્ર : શ્રી હિતેશ નરેન્દ્રભાઈ શાહ; (૧૦) પ્રાણત-ઈન્દ્ર : શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ; (૧૧) આરણ-ઈન્દ્ર : ડૉ. ઉપેન્દ્રભાઈ કોઠારી; (૧૨) અચ્યુત-ઈન્દ્ર : શ્રી ઋષભ રોહિતભાઈ વારિયા; (૧૩) સૌધર્મ-પ્રતિન્દ્ર : શ્રી પ્રફુલ્લભાઈ કામદાર; (૧૪) ઐશાન-પ્રતીન્દ્ર : શ્રી રાજીવ સુભાષભાઈ શેઠ; (૧૫) સાનત્કુમાર-પ્રતીન્દ્ર : શ્રી કૌશિકભાઈ છગનલાલ મહેતા; (૧૬) મહેન્દ્ર-પ્રતીન્દ્ર : શ્રી નીતીનભાઈ ભરવાડા; અને કુબેર : શ્રી મધુરભાઈ મહેતા, હોંગકોંગ.

**જન્માભિષેકના કળશ : રત્નજડિત સ્વર્ણ કળશ :** ૧. શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ, હ. નેમીશભાઈ તથા કેતનભાઈ; ૨. શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા; ૩. શ્રીમતી કલાવતી હસમુખભાઈ વોરા; ૪. શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ; ૫. શ્રીમતી સરોજબેન પ્રફુલ્લભાઈ રાજા; **સુવર્ણ કળશ :** ૧. શ્રી જયાબેન જયંતીલાલ દોશી, હ. જયેશ, અક્ષય; ૨. શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી,

હ. વિપુલભાઈ મોદી; ૩. શ્રી જસવંતરાય ડગલી; ૪. શ્રી વિરાટભાઈ વોરા; ૫. શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી; ૬. અનુબેન કાંતિલાલ શેઠ, હ. વિજયભાઈ; ૭. શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી. **પારણા ઝૂલણ :** ૧. શ્રીમતી કલ્પા શ્રેયસ પ્રફુલ્લભાઈ રાજા, નાયરોબી; ૨. શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ તથા શ્રીમતી પ્રજ્ઞાબેન રસીકલાલ ડગલી; ૩. શ્રી પ્રશાંતભાઈ પારેખ, અમેરિકા; ૪. શ્રી જિનેન્દ્ર વ્રજલાલ શાહ; ૫. શ્રીમતી કાંતાબેન અનુપચંદ ખારા, હ. બ્ર. કોકિલાબેન તથા રૂપાબેન.

## જિનબિમ્બ-પ્રતિષ્ઠા

(૧) **શ્રી સીમંધરસ્વામી ચૌમુખી પ્રતિમા :** નિર્માણમૂલ્ય : શ્રી સપાણી-પરિવાર; પ્રતિષ્ઠા : શ્રી રાયચંદભાઈ દેવેનભાઈ શાહ, નાયરોબી; (૨) આચાર્ય ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવની સમવસરણ-સ્થિત પ્રતિમા : નિર્માણમૂલ્ય : શ્રી સપાણી-પરિવાર; પ્રતિષ્ઠા : શ્રીમતી મુક્તાબેન વ્રજલાલ સંઘવી.

**વીસ વિહરમાન :** (૧) **શ્રી સીમંધરસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી મેહુલ અમરચંદ મહેતા; પ્રતિષ્ઠા : શ્રી હૈદ્રાબાદ દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ; (૨) **શ્રી યુગમંધરસ્વામી :** નિર્માણમૂલ્ય : બ્ર. વીણાબેન તથા બ્ર. સુબોધબેન; પ્રતિષ્ઠા : શ્રી સપાણી-પરિવાર; (૩) **શ્રી બાહુસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રીમતિ પુષ્પાબેન રસિકલાલ શાહ-પરિવાર, સુરેન્દ્રનગર; (૪) **શ્રી સુબાહુસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : સ્વ. વીણાબેન છબીલદાસ શાહ, સુરેન્દ્રનગર; (૫) **શ્રી સંજાતકસ્વામી :** નિર્માણમૂલ્ય: શ્રીમતી શશીબેન લક્ષ્મીચંદ જૈન; પ્રતિષ્ઠા : શ્રીમતી હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર, અમેરિકા; (૬) **શ્રી સ્વયંપ્રભસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ, હ. બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા તથા વિમળાબેન સારાભાઈ શાહ-પરિવાર; (૭) **શ્રી વૃષભાનનસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રીમતી ચંદ્રમણીબેન મણીલાલ શાહ તથા બ્ર. કંચનબેન; (૮) **શ્રી અનંતવીર્યસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ-પરિવાર, ઘાટકોપર; (૯) **શ્રી સુરપ્રભસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રીમતી લલિતાબેન વ્રજલાલ શાહ, જલગાંવ; પ્રતિષ્ઠા : શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવાર; (૧૦) **શ્રી વિશાલકીર્તિસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રીમતિ લતાબેન અનંતરાય શાહ, જલગાંવ; પ્રતિષ્ઠા : શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિયા-પરિવાર; (૧૧) **શ્રી વ્રજધરસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : બ્ર. કોકિલાબેન, રૂપાબેન તથા મધુરભાઈ મહેતા; (૧૨) **શ્રી ચંદ્રાનનસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી ભૂદરમલ જૈન; પ્રતિષ્ઠા : શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી-પરિવાર, બોરીવલી; (૧૩) **શ્રી ચંદ્રબાહુસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ-પરિવાર; (૧૪) **શ્રી ભુજંગમસ્વામી :** નિર્માણમૂલ્ય : શ્રી પ્રફુલ્લચંદ્ર વિકમચંદ સંઘવી; પ્રતિષ્ઠા : ડૉ. શ્રી હસમુખભાઈ ધ્રુવ, રાજકોટ; (૧૫) **શ્રી ઈશ્વરસ્વામી :** નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી મનસુખલાલ હરિલાલ દોશી-પરિવાર; (૧૬) **શ્રી નેમિપ્રભસ્વામી :** નિર્માણૂલ્ય : શ્રી રવિચંદ વિકમચંદ સંઘવી- પરિવાર; પ્રતિષ્ઠા : શ્રીમતી સરલાબેન સોલીસીટર, દિનેશભાઈ

આદિ; (૧૭) શ્રી વીરસેનસ્વામી : નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠા : શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ; (૧૮) શ્રી મહાભદ્રસ્વામી : નિર્માણમૂલ્ય : શ્રી કિરીટકુમાર મનસુખલાલ દોશી; પ્રતિષ્ઠા : શ્રી નિરંજન શાંતિલાલ શાહ-પરિવાર; (૧૯) શ્રી દેવયશસ્વામી : નિર્માણમૂલ્ય : શ્રી રસિકલાલ વિકમચંદ સંઘવી; પ્રતિષ્ઠા : શ્રી વાંકાનેર દિગંબર જૈનસંઘ; (૨૦) શ્રી અજિતવીર્યસ્વામી : નિર્માણમૂલ્ય : શ્રી ચંપકલાલ વિકમચંદ સંઘવી; પ્રતિષ્ઠા શ્રીમતી વ્રજકુંવરબેન મગનલાલ મહેતા-પરિવાર.

(૧) શ્રી સિદ્ધ ભગવાન : પ્રતિષ્ઠા : શ્રીમતી પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી-પરિવાર; (૨) શ્રી વિધિનાયક મહાવીર ભગવાન : નિર્માણમૂલ્ય : શ્રી સુરેશભાઈ ચિમનલાલ સંઘવી, હ. સરલાબેન સંઘવી; પ્રતિષ્ઠા : શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી-પરિવાર; (૩) પહેલા માળે મોટા સીમંધર ભગવાન : પ્રતિષ્ઠા : શ્રી ગુલાબરાય છગનલાલ શાહ-પરિવાર, હૈદરાબાદ.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિકૃતિ બિરાજમાન : શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હ. નેમીશભાઈ; (૨) શ્રી કુંદકુંદાચાર્યદેવ ચિત્રપટ અનાવરણ : શ્રીમતી કનકબેન કિરીટકુમાર શાહ; (૩) પૂજ્ય ગુરુદેવશ્રી ચિત્રપટ અનાવરણ : શ્રી રમેશભાઈ ભાયાણી-પરિવાર; (૪) પૂજ્ય બહેનશ્રી ચિત્રપટ અનાવરણ : શ્રી ચંદ્રવદન જમનાદાસ શાહ; જિનવાણી સ્થાપના : (૧) સમયસાર : શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા; (૨) પ્રવચનસાર : શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા; (૩) નિયમસાર : ડૉ. પ્રવીણભાઈ દોશી; (૪) પંચાસ્તિકાય : શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાળીયા-પરિવાર; (૫) અષ્ટપાહુડ : સપાણી પરિવાર; (૬) ગુરુદેવશ્રીનાં વચનામૃત : હીરાબેન નાથાલાલ શાહ, અમેરીકા, હ. પ્રવીણભાઈ; (૭) બહિનશ્રીનાં વચનામૃત : શ્રી પંકજભાઈ રવાણી; (૮) જ્ઞાનવૈભવ : શ્રી વિજયાબેન ચિમનલાલ સંઘવી-પરિવાર; મંદિરનો કલશારોહણ : શ્રી ચંપકભાઈ વિકમચંદ સંઘવી-પરિવાર; મંદિરનો ધ્વજારોહણ : જયાબેન જયંતીલાલ દોશી-પરિવાર.

અષ્ટકુમારિકા દેવી : ૧. દેવાંશી સતીષભાઈ સંઘવી; ૨. અપેક્ષા કૌશિકભાઈ મહેતા; ૩. કૃતિ સુનીલભાઈ સપાણી; ૪. નિકિતા વિજયભાઈ સપાણી; ૫. દર્શના વિકાસભાઈ શાહ; ૬. શ્રૃતિ ધર્મેન્દ્રભાઈ મોદી; ૭. પૂજા કામદાર; ૮. નમીતા અક્ષય ડેલીવાલા.

તદુપરાંત શ્રી પ્રતિષ્ઠામહોત્સવની વિભિન્ન બોલિઓ તથા સ્વામિવાત્સલ્ય (જમણ)નો લાભ અનેક મહાનુભાવોએ લીધો હતો. સર્વે મુમુક્ષુઓએ પોતાની શક્તિ-અનુસાર ધનવ્યય પણ ઘણા આનંદોત્સાહપૂર્વક કર્યો છે.

અહો ! કૃપાળુ ગુરુદેવશ્રીએ શુદ્ધાત્મતત્વપ્રધાન અધ્યાત્મવિદ્યા તો આપી જ છે, પરંતુ સાથે સાથે ભૂમિકાને અનુરૂપ વર્તવાવાળી વીતરાગ દેવ-ગુરુની અચિન્ત્ય મહિમા પણ સુંદરતયા સમજાવી. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીએ કહ્યું છે—''પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી અંતરમાં ચૈતન્ય ભગવાનને તથા બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુને સાધક સાથે જ રાખે છે. દેવ-શાસ્ત્ર-ગુરુનુ આવુ અદ્‌ભુત સાનિધ્ય મલ્યું એના જેવું બીજુ કોઈ પુણ્ય નથી. તેઓની સમીપમાં સ્વાનુભૂતિ થાય, વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય, બસ ! એ જ એક કરવા જેવું છે. એ જ જીવન જીવવું સાર્થક છે.'' મુમુક્ષુઓને અંતરમાં

જ્ઞાયકની મહિમાની સાથે વિકલ્પના કાળમાં વીતરાગ દેવ-ગુરુની મહિમાની ભક્તિ તથા ઉલ્લાસપૂર્ણ ભાવ આવે છે. અહો ! એવી નિશ્ચય-વ્યવહારની સંધિયુક્ત જેમની સાધના સદા પ્રતાપવંત વર્તી રહી છે. અને જે મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન પ્રતિ લઈ જાય છે, તે પરમોપકારી બંને સંતોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર.

અહો ! જયવંત વર્તો શ્રી જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ ! જયવંત વર્તો પૂજ્ય શ્રી કહાનગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા તેઓનો મંગલકારી પ્રભાવના-ઉદય !!!

**બિમ્બપ્રતિષ્ઠા ભઈ સફલ, નરનારી અઘહાર,**
**વીતરાગ-વિજ્ઞાનમય, ધર્મ બઢો અધિકાર-**
**અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન--કુંદ--ધ્વનિ આપ્યા, અહો તે ગુરુકહાનનો.**
**---અહો ભગવતી માતનો.....**
—ઇતિ શુભં ભૂયાત્......

(ખોટો આક્ષેપ કરવાનું ફળ......અનુસંધાન પાના નં. ૯ થી ચાલુ)

સર્વથા ઢાંકે. બીજાનો સાચો દોષ પણ કહે તે અપરાધી છે અને **અજ્ઞાનથી, મત્સરભાવથી (દ્વેષભાવથી) બીજાનો જૂઠો દોષ પ્રગટ કરે તેના જેવો બીજો કોઈ પાપી નથી.** પોતાના દોષ ગુરુની પાસે પ્રકાશવા અને બીજાના દોષ સર્વથા ઢાંકવા. જે પારકી નિંદા કરે તે જિનમાર્ગથી પરાઙમુખ છે.

કેવળીના શ્રીમુખેથી આ જૂઠા દોષારોપણની વાત સાંભળી સભાના લોકો મહા-દુઃખના ભયથી કંપાયમાન થયા અને દોષારોપણના ભાવો છોડ્યા, કેટલાક પ્રતિબોધ પામી મુનિ થયા અને મિથ્યાદૃષ્ટિ હતા તે પણ સમ્યગ્દૃષ્ટિ થયા. (આ રીતે સીતાના અપવાદનું કારણ મુનિનિંદાનું ફળ જાણી દેવ-શાસ્ત્ર-ગુરુ અને સાધર્મી પ્રત્યે વૈરભાવ--દ્વેષભાવ-મત્સરભાવથી સાવધાન થવાનો આ કથા બોધ આપે છે.) *(પદ્મપુરાણમાંથી)*

## અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં આવાસ યોજના

અસાધારણ આનંદોલ્લાસથી ઊજવવામાં આવેલ ૧૧૫મી કહાનગુરુ-જન્મજયંતીના મંગલ અવસર પર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા નિમ્નલિખિત આયોજન ઘોષિત કરવામાં આવેલ.

સોનગઢ ટ્રસ્ટે 'શ્રીમતી કલાબેન હસમુખલાલ વોરા' અભિધાન નૂતન આવાસ બનાવેલ છે. તેવા જ પ્રકારના ચાર બિલ્ડીંગ બનાવવાનું નક્કી કર્યું છે.

### યોજના

(૧) ચાર બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે. પ્રત્યેક બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર અને થર્ડ ફલોર બનશે. પ્રત્યેક ફલોર પર એટેચ્ડ સંડાસ-બાથરૂમ સહિત ૧૦ (દસ) રૂમનું આયોજન છે. પ્રત્યેક બિલ્ડીંગમાં કુલ ૪૦ રૂમનું અને ચાર બિલ્ડીંગમાં કુલ ૧૬૦ રૂમનું આયોજન છે. (૨) પ્રત્યેક બિલ્ડીંગમાં, જે દાતા તરફથી રૂા. ૨૧ લાખ ડોનેશનમાં મળશે, તે બિલ્ડીંગનું દાતાના નામથી 'નામકરણ' કરવામાં આવશે. પ્રત્યેક દાતાને ઉત્સવો દરમ્યાન ચાર રૂમ ઉતારા માટે નિઃશુલ્ક આપવામાં આવશે. (૩) પ્રત્યેક ફલોર માટે, જે દાતા તરફથી રૂા. ૨.૫૦ લાખ ડોનેશનમાં મળશે, તે ફલોરનું તે દાતાના નામથી 'નામકરણ' કરવામાં આવશે. પ્રત્યેક દાતાને ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે નિઃશુલ્ક આપવામાં આવશે. (૪) પ્રત્યેક બિલ્ડીંગમાં લીફટની વ્યવસ્થા છે. જે દાતા તરફથી રૂા. ૪ લાખ ડોનેશનમાં મળશે, તે લીફટનું તે દાતાના નામથી 'નામકરણ' કરવામાં આવશે. આવા પ્રત્યેક દાતાને ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે નિઃશુલ્ક આપવામાં આવશે. (૫) પ્રત્યેક રૂમ માટે જે દાતા તરફથી રૂા. ૭૫ હજાર ડોનેશનમાં મળશે, તે રૂમ ઉપર તેઓના નામનો ઉલ્લેખ કરવામાં આવશે. તેઓને ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે નિઃશુલ્ક આપવામાં આવશે. (૬) દાતાઓને ઉતારા માટે જે રૂમ આપવામાં આવશે તે પ્રતિવર્ષ ઉતારા માટે ૩૦ દિવસ નિઃશુલ્ક રહેશે. તેનાથી વધારે ઉતરનારને ટ્રસ્ટના નિયમાનુસાર મેઈન્ટેનન્સ ચાર્જ આપવાનો રહેશે. ઉત્સવો દરમ્યાન આવનાર દાતાએ એક અઠવાડીયા પહેલાં ટ્રસ્ટને જાણ કરવાની રહેશે.

## અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢથી પ્રકાશિત, અધ્યાત્મ-સંદેશપ્રદ માસિક પત્ર 'આત્મધર્મ' ગુજરાતી તથા હિંદી માટે યોજના

(૧) ગુજરાતી આત્મધર્મ પ્રત્યેક માસે પ્રકાશિત થાય છે જે દાતા તરફથી રૂા. એક લાખ પચ્ચીસ હજાર દાનરાશી આપવામાં આવશે, તેમના તરફથી આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશિત થશે. અંક ઉપર દાતાનું સ્પોન્સર તરીકે નામ છાપવામાં આવશે. (૨) જે દાતા તરફથી રૂા. દસ હજાર દાન આપવામાં આવશે, તેમના તરફથી એક માસનું આત્મધર્મ (ગુજરાતી) પ્રકાશિત કરવામાં આવશે. તે અંક ઉપર દાતાનું સ્પોન્સર તરીકે નામ છાપવામાં આવશે.

૩. હિંદી આત્મધર્મ પ્રત્યેક માસે પ્રકાશિત થાય છે જે દાતા તરફથી રૂા. એક લાખ દાનરાશી આપવામાં આવશે, તેમના તરફથી આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશિત થશે. તે અંક ઉપર દાતાનું સ્પોન્સર તરીકે નામ છાપવામાં આવશે.

૪. જે દાતા તરફથી રૂા. સાત હજાર પાંચસો દાન આપવામાં આવશે, તેમના તરફથી એક માસનું આત્મધર્મ (હિંદી) પ્રકાશિત કરવામાં આવશે. તે અંક ઉપર દાતાનું સ્પોન્સર તરીકે નામ છાપવામાં આવશે.

## અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢના જિનાયતનોના જીર્ણોદ્ધાર માટે યોજના

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની આ પાવન સાધનાભૂમિમાં—અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં–નિર્મિત ભવ્ય વિશાળ જિનાયતનો વગેરે સાતિશય તીર્થરૂપે સદૈવ પ્રકાશમાન રહે–તેવી ભાવનાને અનુમોદિત કરવા માટે એક 'સ્થાયી જીર્ણોદ્ધાર ફંડ' કરવાનું ટ્રસ્ટે નક્કી કરેલ છે.

સ્વાધ્યાયમંદિર, શ્રી સીમંધર દિગંબર જિનમંદિર, સમવસરણ, શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ, માનસ્તંભ, પરમાગમમંદિર, પંચમેરુ-નંદીશ્વર જિનાલય, કહાનગુરુ-સમાધિમંદિર, બહેનશ્રી સમાધિસ્મૃતિ, વગેરેના જીર્ણોદ્ધાર માટે રૂા. એક હજાર લખાવી શકાશે. આ રકમના વ્યાજમાંથી વખતો વખત ટ્રસ્ટ દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવશે. કોઈપણ એક વ્યક્તિ કે કુટુંબની, કોઈ એક સંપૂર્ણ જિનાયતન માટે જીર્ણોદ્ધાર ફંડ આપવાની ભાવના હશે તો તેની પૂર્ણ રકમ આપી શકાશે. તે અંગે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.

## પૂજ્ય ગુરુદેવશ્રીના 'પરિવર્તનધામ'–સ્ટાર ઑફ ઇન્ડીયાના જીર્ણોદ્ધાર તથા અન્ય યોજના

પૂજ્ય ગુરુદેવે 'સ્ટાર ઑફ ઇન્ડીયા' અભિધાન મકાનમાં સંપ્રદાયપરિવર્તન કરેલ. તે 'પરિવર્તનધામ'ના જીર્ણોદ્ધાર માટે અંદાજિત ખર્ચ રૂા. વીસ લાખ છે. તેમજ જીર્ણોદ્ધાર થયા બાદ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચિત્રપટ, પૂજ્ય ગુરુદેવશ્રી 'પરિવર્તન' કરી રહ્યા છે તેવી લાઈવ પ્રતિકૃતિ, પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ, પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્ટાર ઑફ ઇન્ડીયામાં ત્રણ વર્ષ, ત્રણ માસ અને ત્રણ દિવસ સાધના કરી હતી, તે સમયના વિવિધ પ્રસંગો, આર્ટ ગેલેરી વગેરે બનાવવાની યોજના છે. તે માટે અંદાજીત ખર્ચ રૂા. વીસ લાખનો છે. કુલ ખર્ચ રૂા. ૪૦ લાખનો છે. મુમુક્ષુઓ આ આયોજનમાં દાનરાશિ પોતાની ભાવનાનુસાર આપી શકશે.

## પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મભૂમિ 'ઉમરાળા' માટે યોજના

પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મધામ ઉમરાળામાં જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ થઈ ગયેલ છે તે કાર્ય માટે અંદાજિત રૂા. વીસ લાખનો ખર્ચ છે આ યોજનામાં મુમુક્ષુઓ દાનરાશિ આપી શકશે.

* * *

## વૈરાગ્ય સમાચાર :–

વઢવાણનિવાસી (હાલ-કાંદીવલી) શ્રી કેશવલાલ કસ્તુરચંદ શાહ (નાથાભવાનવાળા) (વર્ષ-૯૦) તા. ૧૪-૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિવર્તન કર્યું ત્યારથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં આવેલા અને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

જોધપુરનિવાસી શ્રી ગોડિચંદજી ભીમાજી મહેતા (વર્ષ-૭૮) તા. ૧૬-૧-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોરીવલી-મુંબઈનિવાસી શ્રી બિપિનભાઈ હરગોવિંદદાસ શાહ (વર્ષ-૫૦) તા. ૧૫-૨-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-હૈદ્રાબાદ) શ્રી ગુલાબરાય છગનલાલ શાહ તા. ૧૭-૨-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વવિચારક ને પ્રવચનકાર હતા.

સાવરકુંડલાનિવાસી (હાલ-મુંબઈ) શ્રી મોહનલાલ બેચરદાસ મોદી (વર્ષ-૮૬) તા. ૧૦-૩-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૫૫ વર્ષથી સોનગઢ અવાર નવાર આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપવિનાશીની અમૃતવાણીનો લાભ લેતા હતા તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે શિખરજી તથા દક્ષિણ યાત્રાઓનો અને અનેક પંચકલ્યાણકોનો અપૂર્વ લાભ લીધો હતો. સ્વાધ્યાયમય જીવન હતું.

લીંબડીનિવાસી (હાલ-સાયન) શ્રી પ્રવિણચંદ્ર છબીલદાસ શાહ તા. ૧૫-૩-૨૦૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉમરાળાનિવાસી શ્રી અમૃતલાલ (અમુભાઈ) ગોકળરામ સિદ્ધપુરા (નાણાવટી) (વર્ષ-૬૮) ઓચિંતા હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કહાનગુરુ-જન્મધામની અત્યંત ભક્તિભાવે વ્યવસ્થા સંભાળતાં હતાં. ગુરુ-જન્મધામે આવેલા દર્શનાર્થીઓ પ્રતિ અતિ વાત્સલ્યભાવ અભિવ્યક્ત કરતા હતા.

લીંબડીનિવાસી શ્રી અશ્વિનભાઈ શાહના માતુશ્રી હંસાબેન નરસીભાઈ શાહ (વર્ષ-૬૬) તા. ૧૯-૪-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉપરોક્ત સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*  *  *

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ અરે ! બહારના સંગમાં કોની સાથે સંબંધ અને કોના ખોટા લગાડવા ! અને કેટલું રહેવું ! અરે ! વિકારનો સંગ પણ ક્યાં વસ્તુને છે ! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનો ય સંગ નથી.

❀ પોતે પોતાને છેતરે છે અને માને છે કે અમે લાભમાં છીએ. આમ જગત અનાદિથી લૂંટાણું છે.

❀ દુનિયા દુનિયાનું જાણે. તું તારું કર. દુનિયા એના પરિણમન પ્રમાણે પરિણમશે, તારું પરિણમાવ્યું નહિ પરિણમે.

❀ બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઉતરવું એ શૂરવીરતા છે.

❀ ....પાત્ર થવું કઠણ છે. વાતો કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ, સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા...કેટલી સજ્જનતા...કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય.

❀ વર્તમાનમાં એક જરાક પ્રતિકૂળતા આવે તો ઈ એનાથી સહન થતી નથી. છતાં ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવશે તેની દરકાર નથી.

❀ હેઠલી વાતના ઠેકાણાં ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે ? પાત્રતારૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્‌ અધ્યાત્મની અલૌકિક વાત શી રીતે બેસી શકે ?

❀ સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ જેને ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના તેને ઠેકાણાં હોય તેમ બને નહીં.

❀ અહો ! એકવાર દેહ છૂટવાના ટાણાંનો વિચાર તો કરે તો એને ખબર પડે કે અરે ! આ તે શું રમતું છે ! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં) ! !

❀ આખી દુનિયા ગમે તેમ હો પણ મારો ભગવાન તો મારી પાસે જ છે. મારે તો સદાય લાભ જ છે, અલાભની વાત જ મારે નથી.

* * *

## ❀ સ્વપ્ને પણ અસત્યની અનુમોદના પણ ન હજો ❀

❀ ગૂંગાપન, બુદ્ધિકી વિકલતા, મૂર્ખતા, અજ્ઞાનતા, બધિરતા તથા મુખમેં રોગ હોના ઇત્યાદિ જો સબહી જીવોંકે હોતે હૈં વે અસત્ય વચન બોલનેકે પાપ હી સે હોતે હૈં. *(શ્લોક-૩૪)*

❀ મનુષ્ય અન્યકે અનુરોધસે (પ્રાર્થનાસે) અન્યકે લિયે અતિ નીંદનીય અસત્ય કહકર નરકપુરીકો ચલા જાતા હૈં.....ઇસ કારણ પરકે લિયે ભી જૂઠ બોલના નરકકો લે જાતા હૈ. *(શ્લોક-૪૧)*

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662